# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૨૦ સને ૨૦૨૨ સં.૨૦૭૯

અંક : ૧ અષાઢ-જુલાઈ સળંગ અંક-૧૨૨

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**

**રાજેશ બી. શાહ**

જી-૨૦૪, ઈન્દ્રપ્રસ્થ-૫, પ્રહ્લાદનગર ગાર્ડન સામે, એચ.ડી.એફ.સી. બેન્કની લાઈનમાં, સુરધારા બંગ્લોઝ પાસે, પ્રહલાદનગર, અમદાવાદ-૧૫.

(M) 9925012355

**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ **આત્મવિજ્ઞાન -૧**

★ **જ્ઞાન-જ્ઞાની-૫**

★ **હે અણાહારી પદ-ભોક્તા !**

★ **અનુમોદનામૃતમ્**


## આર્ષવાણી

**वह-मारण-अब्भक्खाण -**

**दाणं परधणविलोवणाईणं ।**

**सव्वजहण्णो उदओ,**

**दसगुणिओ इक्कसिकयाणं ।।**

વધ-હિંસા, આળ આપવું, પારકાનું ધન હડપ કરી લેવું (ચોરી-અદત્ત) વગેરે પાપો એકવાર કરવાથી તેનો જઘન્ય ઉદય દશગણો આવે છે.

જ્ઞાનની-ભગવંતોની નિંદા, દ્વેષ, મત્સર (ઈર્ષ્યા) ઉપઘાત અને વિઘ્ન કરવાથી જ્ઞાનાવરણીય કર્મનો બંધ થાય છે.



## ★ આત્મવિજ્ઞાન -૧ ★★★

**-પંડિત ખૂબચંદ કેશવલાલ**

(એક વિદ્વાન પંડિતજીના કેટલાક લેખો અહીં પ્રગટ કરવામાં આવશે. કર્મ-આત્મા વગેરે વિષયોના કેટલાય પ્રશ્નોના સમાધાન આમાંથી મળી રહેશે. -સંપાદક)

**આત્મશક્તિનું આચ્છાદિત તત્ત્વ**

આ વિશ્વની વ્યવસ્થામાં જીવ અને અજીવ(જડ-પુદ્ગલ)એ બે તત્ત્વનો મુખ્ય હિસ્સો છે. પુદ્ગલ સિવાય ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ, એ ચાર જડ દ્રવ્યોનું પણ જૈનદર્શનની માન્યતાનુસાર વિશ્વમાં અસ્તિત્વ હોવા છતાં દૃશ્ય જગતની વિવિધતાનું સર્જન તો જીવ અને પુદ્ગલ દ્વારા જ થાય છે.દુનિયામાં પુદ્ગલનું અસ્તિત્વ નહીં હોતાં એક માત્ર આત્મા-જીવ યા ચેતનનું જ અથવા જીવ નહિ હોતાં એક માત્ર પુદ્ગલનું જ અસ્તિત્વ હોત તો આ દૃશ્ય જગત જ હોત નહિ. જીવના પ્રયત્નવડે જ પુદ્ગલમાંથી વિવિધ અવસ્થાવંત દૃશ્ય, જગત સર્જાય છે. દૃશ્ય જગતમાં પુદ્ગલની ઉપયોગિતા પણ વિવિધ રીતે જોવામાં આવે છે.

''પુદ્ગલ'' શબ્દ એ જૈનદર્શનનો પારિભાષિક શબ્દ છે. આધુનિક વિજ્ઞાનમાં જેને જડપદાર્થ(મેટર) કહે છે. તેને જ જૈનદર્શનમાં પુદ્ગલ સંજ્ઞાથી ઓળખાવેલ છે. આ પુદ્ગલ શબ્દની વ્યુત્પત્તિ એ છે કેઃ- ''**पूरणात् पुत्, गलयतीति गलः**'' અર્થાત્ પૂર્ણ સ્વભાવથી 'પુત્''પૂરણ થવું, નવું થવું, ભવ્ય થવું... અને ગલન સ્વભાવથી ''ગલ'' ગળી જવું જૂનું થવું, ભયાનક થવું.. એમ બે અવયવોના મેળથી આ પુદ્ગલ શબ્દ બન્યો છે.

પુદ્ગલદ્રવ્ય તે વર્ણ-ગંધ-રસ અને સ્પર્શયુક્ત હોવાથી ઈંદ્રિયગમ્ય છે. વિવિધ અવસ્થાઓ પૈકી અમુક અવસ્થાવસ્થિત પુદ્ગલો તે વર્ણાદિસહિત છતાં પણ , તે વર્ણાદિની સૂક્ષ્મતાના કારણે, છદ્મસ્થ (અસર્વજ્ઞ) જીવોને ઈંદ્રિયગમ્ય થઈ શકતાં નથી. તોપણ તેવાં પુદ્ગલોથી થતી સામૂહિક ક્રિયાઓ દ્વારા તે પદાર્થો દૃષ્ટિગોચર સ્વરૂપને પામી શકતાં હોવાથી તેઓનું અસ્તિત્વ સિદ્ધ થાય છે. આ પૌદ્ગલિક પદાર્થો આ વિશ્વમાં અગણિત છે. અને તે સંસારી જીવોને અમુક અમુક પ્રવૃત્તિ કરવામાં ઉપયોગી બને છે.

જીવને આરામ અને શાંતિ આપે તેવી અવસ્થાવંત પુદ્ગલો પણ હોય છે. અને અશાંતિકારક અવસ્થાવંત પુદ્ગલો પણ હોય છે.અવસ્થાઓની ભિન્નતાના હિસાબે દરેક અવસ્થાવંત પુદ્ગલોને વિવિધ સંજ્ઞાથી જગત ઓળખે છે. પૌષ્ટિક એવા ખાદ્ય પદાર્થો અને પીણાં તે પુદ્ગલ જ છે. વિષ અને શરાબ તે પણ પુદ્ગલ જ છે. મોટર, ટ્રેન, એરોપ્લેન એ પણ પુદ્ગલ જ છે. વસ્ત્ર-પાત્ર એ પણ પુદ્ગલ જ છે. એટમબોમ્બ, હાઈડ્રોજનબોમ્બ તથા અન્ય પ્રાણઘાતક શસ્ત્રો એ પણ પુદ્ગલ જ છે. અરે! પ્રાણિઓનું શરીર, શબ્દ, વિચાર અને ઉચ્છ્વાસ એ પણ પુદ્ગલ જ છે. અવસ્થાની દૃષ્ટએ પુદ્ગલમાં જેમ વિવિધતા છે, તેમ પ્રાણિયોને ગુણ અને દોષકારક દૃષ્ટએ પણ તેમાં વિવિધતા છે. આ રીતે જગતમાં વિવિધ સ્વરૂપોને પ્રગટ કરવારૂપ પુદ્ગલ દ્રવ્યનાં અનેક કાર્યો છે.

વળી એ પુદ્ગલમાં એવી પણ એક ખાસ વિશેષતા છે કે જેનાથી એ જીવમાં (જીવ,પરિણમાવે ત્યારે જ) પણ પ્રવેશ કરી શકે છે. અને એમાં બહુ સ્પષ્ટ વિકાર કરી શકે છે.જેમ ઔષધની ગોળી, માણસના શરીરની અંદર જઈને મહત્ત્વનું કાર્ય કરે છે, તેમ પુદ્ગલ પણ જીવમાં પ્રવેશીને એના ઉપર અનેક પ્રકારની અસર કરે છે. જીવની સર્વજ્ઞતા અને સર્વ શક્તિમત્તાને પુદ્ગલ ઢાંકી દે છે. અને તેથી એનામાં (જીવમાં)માત્ર પરિમિતજ્ઞાન અને પરિમિત શક્તિ રહે છે. એ એને દુઃખ આપે છે. અને તેથી કરીને એના સ્વભાવિક સ્વાસ્થ્યનો નાશ થાય છે. જીવના ઉપર એ અસ્થિર શરીરો વીંટળે છે. એને જિંદગી અને મોહ આપે છે. અને એવું પ્રારબ્ધ બંધાવે છે કે પછી અમુક સમય સુધી એ જીવે; માણસ,તિર્યંચ, સ્વર્ગવાસી કે નરકવાસી એ ચારમાંની કોઈ પણ યોનિમાં અવતરવું પડે છે. આ રીતે પુદ્ગલ દ્વારા એ બધા પ્રાણિનાં જન્મ અને જિંદગી માટે ભારતના બધા તત્ત્વદર્શનકારોએ સ્વીકારેલું એવું એક ગૂઢ તત્ત્વ-કર્મ તૈયાર થાય છે. એટલે જીવ સાથે મિશ્ર બની રહેલું પુદ્ગલ તે કર્મ કહેવાય છે.

અન્ય અન્ય અવસ્થાવંત પૌદ્ગલિક સામગ્રી દ્વારા અનુકૂળતા અને પ્રતિકૂળતાની પ્રાપ્તિનો આધાર તો જીવને આ કર્મસ્વરૂપે પરિણામ પામેલ પુદ્ગલદ્વારા જ હોઈ , કર્મથી સંબંધિત બની રહેલ પ્રાણિયોનું સુખ તો પરાધીન જ છે. જેમ બેડીથી જકડાએલ કેદી પરાધીન છે, તેમ કર્મસહિત જીવની સર્વ અવસ્થા પરાધીન છે. અનંતશક્તિના માલિક જીવની સ્વતંત્રતા, આ કર્મરૂપે પરિણામ પામેલ પુદ્ગલથી આચ્છાદિત બની રહે છે.



તેમ છતાં ભાગ્યવાન આત્માઓની અજ્ઞાનતાનો સદ્ગુરુ દ્વારા ધ્વંસ કરાતાં જીવને પોતાની અસીમ શક્તિનો અને કર્મથી બની રહેલ પરાધીનતાનો ખ્યાલ આવી જવાથી પોતાના સ્વાધીનસુખની પ્રાપ્તિ માટેનો ઉત્સાહ પ્રગટે છે.

જડપદાર્થના અણુમાં જે શક્તિ છે, તેના કરતાં પણ ચેતનના એક એક અણુમાં અનંતાનંતગણી શક્તિ છે. ચેતનના અણુ એટલા બધા શક્તિધારક છે કે જડના ગમે તેવા અણુને પણ ક્ષણમાત્રમાં શક્તિહીન બનાવી શકે છે. પરંતુ પુદ્ગલ સાથે (કર્મ સાથે) ક્ષીર-નીરવત્ સંબંધિત બની રહેલા જીવોની શક્તિ તે કર્મઅણુ સમૂહોથી અવરાઈ ગયેલી હોઈ તેના સ્વભાવિક ગુણો ઝળહળી શક્તા નથી.એ કારણથી પોતાના સ્વભાવિક અને શાશ્વત સુખથી જીવ વંચિત બની રહે છે. અને પુદ્ગલના સંગથી વર્તતી નશ્વર અને પરાધીન સામગ્રીના આધારે જ તેનું (જીવનું) જીવનચક્ર ચાલ્યા કરે છે. એટલું જ નહિ, પણ તેવા પરાધીન સુખને જ સાચું સુખ સમજી લઈ તેની જ આકાંક્ષાના સ્વપ્નોમાં મ્હાલતો જીવ, વધુ ને વધુ પુદ્ગલની જાળમાં ફસાતો રહે છે. તેના આત્મ પ્રદેશો પર પુદ્ગલના થરોની જમાવટ વધતી જ રહે છે. જેથી જીવને પોતાના સ્વભાવિકસ્વરૂપ અને સુખનો ખ્યાલ પણ વિસરાઈ જાય છે. અરે! એટલું જ નહિ, પણ કેટલાક જીવો તો પોતે પોતાને જ ભૂલી જાય છે અને શરીર તથા ઈંદ્રિયોને જ આત્મા માની લઈ, આત્માને પુદ્ગલથી અન્ય અને સ્વતંત્ર પદાર્થ તરીકે પણ માનવા તૈયાર થતો નથી.

એ રીતે અનાદિકાળથી જીવને દુઃખી બની રહેવાનું કોઈ મુખ્ય કારણ હોય તો તે આત્મસ્વરૂપની અજ્ઞાનતા જ છે; માટે શાશ્વત સુખની પ્રાપ્તિ માટે આત્મદ્રવ્યને સમજવું જરૂરી છે.

## ★ જ્ઞાન-જ્ઞાની-૫ ★★★

**-શ્રીધર્મમિત્ર**

પૂજ્યપાદ મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મ.ના જ્ઞાનાષ્ટકના માધ્યમે આપણે વિચારણા ચલાવી રહ્યા છીએ.જ્ઞાની મહાપુરુષોનાં વચનોને જેમ જેમ વિચારીએ, તેના ઉપર અનુપ્રેક્ષા કરીએ, તેમ તેમ કાંઈક ને કાંઈક નવાં રહસ્યો પ્રગટ થતાં હોય છે. તેથી અનુપ્રેક્ષા અવશ્ય કરવી જોઈએ. માટે જ તો પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં ચોથા નંબરે અનુપ્રેક્ષાને સ્થાન આપવામાં આવ્યું છે. આનાથી એ ફલિત થયું કે - અનુપ્રેક્ષા પણ સ્વાધ્યાય જ છે. પદાર્થનાં-તત્ત્વનાં રહસ્યો સુધી પહોંચવા માટે આ અનુપ્રેક્ષા સચોટ ઉપાય છે, અત્યંત જરૂરી પણ છે.

જ્ઞાનાષ્ટકના ત્રીજા શ્લોકમાં તેઓએ પતંજલિના નામથી જણાવ્યું હતું કે- સ્વભાવના લાભનું (તેના સંસ્કારનું) કારણ બને તે જ જ્ઞાન ઈષ્ટ છે. તો હવે આગળના ૪થા શ્લોકમાં એ જ વાત જણાવતાં કહે છે :

**वादांश्च प्रतिवादांश्च, वदन्तोऽनिश्चितांस्तथा।**

**तत्त्वान्तं नैव गच्छन्ति, तिलपीलकवद् गतौ।।८।।**

**ભાવાર્થ :** તત્ત્વના નિર્ણય વિનાના પૂર્વપક્ષ(વાદી) અને ઉત્તરપક્ષ(પ્રતિવાદી)ને મહિનાઓ વીતી જાય તોય તે બંને પક્ષવાળા જીવો તત્ત્વના પારને પામી શકતા જ નથી. દૃષ્ટાંત તરીકે અહીં ઘાંચીના બળદને મૂક્યો છે. મતલબ, જેમ ઘાંચીનો બળદ આખો દિવસ ઘાંચીની ઘાણીના એક કેન્દ્રબિંદુરૂપ ખીલે બંધાયેલો કર્યા જ કરે છે પણ તેની ક્યાંય ગતિ થતી નથી. તે ત્યાંનો ત્યાં જ રહે છે. તેમ અનિર્ધારિત અર્થવાળા વાદી-પ્રતિવાદી છે. છ માસ વાદ કર્યા કરે તો પણ તત્ત્વનો પાર-સાર પામી શકતા નથી. (આવું મહાત્મા પતંજલિએ કહેલ છે.)

વાદ કરવાનો હોય તો વિષય-પદાર્થ-તત્ત્વનો નિર્ધાર તો હોવો જ જોઈ એ. પાયો જ ન હોય તો વાદ શેનો કરવાનો ? સામાન્યથી વાદી (પૂર્વપક્ષ) પોતાની વાત રજૂ કરે, તેના પર ઉત્તરપક્ષ(પ્રતિવાદી) ખંડનાત્મક દલીલો કરે..એ ન્યાયે પૂર્વપક્ષનો કોઈ નિશ્ચિત-તત્ત્વ-પદાર્થ ન હોય તો ઉત્તરપક્ષ કઈ રીતે ખંડન વગેરે કરી શકે ? આવો વાદ છ-છ મહિના ચાલે તોય તત્ત્વનો નિર્ણય તો ન જ થાય! વાત-વાદનો અંત જ ન આવે. માત્ર કંઠશોષ-ગળું સૂકવવા સિવાય કાંઈ ફળ ન મળે. વાદમાં શારીરિક-માનસિક ઘણો પરિશ્રમ કરવો પડે છે. તેમાં જો પરિણામ આવે તો તે પરિશ્રમ સફળ ગણાય પરંતુ પરિણામ જ ન આવે તો તે શ્રમનો મતલબ શું ? તમામ વ્યાયામ વ્યર્થ જ ગણાય. કોઈ પણ પુરુષાર્થ કર્યા પછી ધાર્યું પરિણામ ન આવે તો લમણે હાથ દેવાનો વારો જ આવે ને ? હાર જીતનું પરિણામ તો આવવું જ જોઈએ. તત્ત્વનો નિર્ણય-નિશ્ચય તો થવો જ જોઈએ.

ઘાંચીનો બળદ ગમે તેટલા કલાક ઘાણીની આસપાસ આંટા મારે પરંતુ કલાકો પછી પણ ત્યાંનો ત્યાં જ હોય છે.તેની ક્યાંય ગતિ થતી નથી. ગતિમાં કોઈ પ્રગતિ થતી નથી. આવાં ચક્કર ગમે તેટલાં લગાવે તેનાથી બળદને શું લાભ ?તે જ રીતે જો જ્ઞાન ભણ્યા પછી સ્વરમણતા-સ્વભાવની પ્રાપ્તિ કે તેના સંસ્કારનોય



લાભ ન થાય તો તેનાથી શું ફાયદો ? જ્ઞાન ભણવાની વર્ષોની મહેનત પાણીમાં જ ગઈ, એમ કહેવું પડે.

જ્ઞાન-સ્વાધ્યાયના લાભો બતાવતાં શાસ્ત્રકારો ભગવંતો કહે છે કે જ્ઞાન સ્વાધ્યાયમાં રમમાણ મુનિ માટે જગતમાં એવો કોઈ પદાર્થ નથી કે જેનો પરમાર્થ તે ન જાણતો હોય ! વળી, તે આત્મા સદ્ગતિ અને પરમગતિ(મોક્ષ) તરફ આગળ વધતો જાય છે. અને ક્ષણે ક્ષણે તેને પરમ સંવેગ(મુક્તિની તીવ્ર અભિલાષા)અથવા વૈરાગ્ય પ્રગટ થાય છે.

સ્વાનુભવના- સ્વભાવના કારણભૂત સંસ્કારને પેદા કરનારું જ્ઞાન આવી જતાં, તેના સ્વાધ્યાયમાં લીન આત્મા પારકાની ચિંતા, પારકી પંચાત, વિકથા વગેરે દોષોનો ત્યાગ કરે છે. અર્થાત્ તેને હવે એ બધાનો રસ રહેતો નથી. પોતાના આત્મામાં જ હવે વિલોકન કરે છે. સ્વાધ્યાય કરનારનું ધ્યાન પ્રશસ્ત બનતું જાય છે. મતલબ, તેનું મન શુભધ્યાનવાળું - શુભ વિચારોવાળું બની જાય છે. તેના કારણે લેશ્યા પણ શુભ બને છે.

જ્ઞાન આવ્યા પછી આત્મામાં વિલોકન વધવું જોઈએ. પરવિલોકન અર્થાત્ બીજાને જોયા કરવા અથવા પર-પુદ્ગલના વિચારો કર્યા કરવા અને તેનાથી રાગ-દ્વેષ કરવા તે અજ્ઞાનતા સૂચક છે. જ્ઞાન આવ્યા પછી રાગ-દ્વેષાદિ નહીં, વૈરાગ્ય અને આત્મજાગૃતિમાં સતત વૃદ્ધિ થવી જોઈએ. રાગાદિ કષાયો એ જીવના દુશ્મન છે. સંવેગ-નિર્વેદ-વૈરાગ્યાદિ આત્માના મિત્રો છે. જ્ઞાન આવ્યા પછી શત્રુઓમાં વધારો થતો હોય તો તે જ્ઞાન સમ્યગ્જ્ઞાન નથી, મિથ્યાજ્ઞાન છે.

સ્વભાવ તરફ આત્માની પ્રગતિ ન થતી હોય તો એવા જ્ઞાનની કોઈ કિંમત ગણાતી નથી. જ્ઞાન આવ્યા સ્વભાવના લાભમાં જીવ કેટલું આગળ વધ્યો; એવી વિચારણા રોજ-ક્ષણે-ક્ષણે થવી જોઈએ.અજ્ઞાની જીવ શરીરાદિ પુદ્ગલોની વિચારણામાં જ સમય પસાર કરતો હોય છે. મતલબ; કર્મ બંધાવનારી, સંસારમાં પરિભ્રમણ વધારનારી ક્રિયાઓમાં જ મોટે ભાગે લીન હોય છે. પુદ્ગલની પ્રીતિવાળો જીવ આત્માના વિષયમાં ડોકિયું કરવાય કયાંથી તૈયાર હોય ?એ બિચારા જીવને આત્મા જેવી ચીજ વર્ષે-દહાડેય ક્યાં યાદ આવે છે ? જેનું સ્મરણ જ ન હોય, તેના માટે પ્રવૃત્તિ કઈ રીતે કરે ?

તત્ત્વની પ્રાપ્તિ માટે સૌથી પ્રથમ શરત છે. નિર્ધારિત પૂર્વપક્ષ.જ્યાં સુધી વાદી પોતાના પક્ષને નિશ્ચિત ન કરે ત્યાં સુધી પ્રતિવાદી તેના ખંડનાદિની પ્રવૃત્તિ

ક્યાંથી કરે ? જે વ્યક્તિ માર્ગમાં કદમ જ ન માંડે..પગલું જ ન ભરે..તે ક્યારેય પોતાના ઈષ્ટ- ગંતવ્ય સ્થાને પહોંચી શકે ખરો ? ક્યારેય નહીં જ.

પૂર્વપક્ષના નિરધારણ વગર વાદ કરનારા જીવો માત્ર ક્લેશને જ પામે પરંતુ તત્ત્વના સારને પ્રાપ્ત ન કરી શકે. હાર-જીતનો નિર્ણય તો ક્યાંથી થાય ? કોઈ પણ વાદમાં વાદી(પૂર્વપક્ષની સ્થાપના કરનારો) અને પ્રતિવાદી (પૂર્વપક્ષની વાતનું ખંડન વગેરે કરનારો) બંને જીતવાની જ તમન્નાવાળા હોય છે. વાદ-વાતનું મોં માથું જ ન હોય તો હાર-જીત ક્યાંથી નક્કી થાય?

મુનિવરના જ્ઞાનનો સંક્ષિપ્ત સાર શું છે ? આવા પ્રશ્નનો જવાબ પૂ. ઉપાધ્યાયજી મ. જ્ઞાનાષ્ટકના પાંચમા શ્લોકમાં આપતાં કહે છેઃ

**स्वद्रव्य-गुण-पर्याय - चर्या वर्या पराऽन्यथा।**

**इति दत्तात्मसंतुष्टि - मुष्टिज्ञानस्थितिर्मुनेः ।।५।।**

**ભાવાર્થ :** પોતાના શુદ્ધ આત્મદ્રવ્યમાં, પોતાના શુદ્ધજ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ગુણોમાં અને પોતાના શુદ્ધ વ્યંજન-અર્થ પર્યાયમાં રમણતા કરવી તે જ હિતકર છે. પરદ્રવ્ય(પુદ્‌ગલ દ્રવ્ય જે જીવથી ભિન્ન છે. તેના) દ્રવ્યગુણ - પર્યાયમાં રમણતા કરવી તે અહિત કર છે. આરીતે મુનિના જ્ઞાનનો સંક્ષેપથી સાર છે. આવું જ્ઞાન મુનિને સંતોષ આપનારું બને છે.

મુનિને કયા જ્ઞાનથી સંતુષ્ટિ થાય? તેનો જવાબ આ શ્લોકમાં છે. મુષ્ટિજ્ઞાન એટલે સંક્ષિપ્તજ્ઞાન અથવા જ્ઞાનનું રહસ્ય.

'કરેમિભંતે!' થી લઈ લોકબિંદુસાર(૧૪ મું પૂર્વ) સુધીનું શ્રુતજ્ઞાન મુનિ પાસે હોય છે. અથવા અષ્ટ પ્રવચનમાતાના જ્ઞાનથી લઈ ચૌદ પૂર્વસુધીનું જ્ઞાન મુનિઓને હોય છે.પરંતુ આ અલ્પથી અપાર શ્રુતજ્ઞાનનો સાર શું? આવા પ્રશ્નના ઉત્તરરૂપે આ પાંચમો શ્લોક જણાવ્યો છે.

અહીં શ્રુતજ્ઞાનનું અધ્યયન કેટલું કર્યું.તેને મહત્ત્વ નથી આપ્યું. ભણીને શું મેળવ્યું? તેના પરથી જ્ઞાનની સફળતા - નિષ્ફળતા બતાવવા માંગે છે. જ્ઞાનનું ફળ છે આત્મરમણતા પોતાના સ્વભાવમાં, સ્વગુણ-પર્યાયમાં રમણતા. જ્ઞાનીના રાગાદિ દુર્ભાવો ઘટવાનું કારણ આ જ છે. પૌદ્‌ગલિક ભાવો સાથે જોડાયેલો જીવ જ રાગાદિ પર-ભાવો તરફ ખેંચાય છે. તે જ્ઞાન ભણીને પણ હારી જાય છે. અભણ-અજ્ઞાન વ્યક્તિ ભૂલી ભટકે, કમાણી ન કરી શકે તે કદાચ ક્ષમ્ય ગણાય. એ બિચારો અજ્ઞાની



છે, અભણ છે. તેને કાંઈ ગતાગમ પડતી નથી. નાદાન છે..વગેરે ને તેના તરફ કરુણાભાવ પ્રગટાવે છે.પરંતુ ભણેલો જ્ઞાની ગણાતો જીવ ભટકી જાય. .ફળ મેળવ્યા વગર પરલોક ભેગો થાય.ત્યારે તેને કર્મસત્તાય ક્યાંથી માફ કરે? જગત પણ કઈ રીતે માફ કરે ?

નિર્ધન ભીખ માંગે તે તો સમજી શકાય તેવી વાત છે. પરંતુ શ્રીમંત ગણાતો માનવ ભીખ માંગે તે તો કઈ રીતે યોગ્ય ગણાય? પુણ્ય-પાપનો કે તેનાં મીઠાં-કડવાં ફળના બોધ વગરનો જીવ પુણ્યનાં કાર્યો છોડી, પાપકાર્યો કરવા પ્રેરાય તે સંભવ છે..પરંતુ પુણ્ય-પાપાદિના સ્પષ્ટ બોધવાળો જીવ પાપના માર્ગે દોડે તે કઈ રીતે વ્યાજબી ગણાય ? પગથી પાંગળો માણસ આગ લાગવા છતાં બચવા માટે ભાગી ન શકે તો તે ઉપાલંભને પાત્ર નથી..પરંતુ આંખ અને હાથ-પગ વગેરે સક્ષમ છે. આગના નુકશાનથી પરિચિત છે, તેવો બુદ્ધિશાળી ગણાતો માનવ આગમાં જ બેસી રહે, બચવાનો પુરુષાર્થ જ ન કરે તો તે કેવો ગણાય ?

આ જ રીતે અબુધ વ્યકિત પરદ્રવ્યરૂપ પૌદ્‌ગલિક-વૈષયિક ભાવોમાં રમ્યા કરે. રાચે..પ્રવૃત્તિશીલ રહે તે તો સમજી શકાય..પરંતુ જ્ઞાન મેળવ્યા પછી પૌદ્‌ગલિક રમણતાથી થતાં નુકશાનનો બોધ હોય તેવા બુધ-જ્ઞાની-પંડિત જીવો પણ તે જ વૈષયિક-કાષાયિકાદિ ભાવોમાં રચ્યા-પચ્યા રહે તો કઈ રીતે યોગ્ય ગણાય ? તેમના જ્ઞાન બોધનો મતલબ શું ?

જે જ્ઞાન પોતાના શુદ્ધ સ્વરૂપ તરફ વાળે, પરપરિણતિથી મુક્ત બનાવે, તે જ જ્ઞાન વાસ્તવિક ગણાય. તેની જ ભણવાની મહેનત સફળ ગણાય. પરથી ખસવાનું મન ન થાય, સ્વમાં વસવાના મનોરથ જ ન થાય તો તેવા જ્ઞાનની કે જ્ઞાનીની કિંમત શું ? જ્ઞાનાર્જન માટે વર્ષો સુધી કરેલા પુરુષાર્થનું ફળ શું ? મતલબ, તેની સફળતા કઈ રીતે ગણાય ? ધન સંગ્રહ માટે હોઈ શકે..જ્ઞાન માત્ર સંગ્રહ માટે નથી. તેનો તો સદુપયોગ કરવાનો છે. ભેગું કરેલું ધન પણ અવસરે ઉપયોગમાં ન આવે તો તેની કિંમત અંકાતી નથી. સફળતા મનાતી નથી, ભલે દુનિયા ધન ભેગું કરવા પાછળ ગાંડીતૂર બનેલી હોય! ધનની પાછળ આંધળી દોટ મૂકનારા, ધનને જ સર્વસ્વ માનનારા જીવો ભલે ધનના સંચયને જ પ્રાધાન્ય આપતા હોય..આખરે એ ધન જ તેના માટે દુર્ગતિનું કારણ બને છે.

જ્ઞાનનો સદુપયોગ શું ગણાય ? પરપરિણતિથી દૂર થવા માટે, સ્વાનુભવ તરફ પ્રગતિ કરવા માટે જ્ઞાન વપરાય તો જ તે સફળ ગણાય. પૌદ્‌ગલિકપ્રીતિ

તોડવા માટે (નાશવંત પદાર્થોથી અથવા પાપકર્મનાં બંધથી અટકવા માટે) જ્ઞાનનો ઉપયોગ કરવાનો છે. પોતાના જ્ઞાનાદિ ગુણો દૂર થાય. દબાય..કે વિકૃત થાય તો જ્ઞાનનો સદુપયોગ નહીં, દુરુપયોગ જ ગણાય. જે તે પદાર્થનો બોધ જ ન થાય તે જ્ઞાન જ કઈ રીતે કહેવાય ? જ્ઞાન એટલે બોધ,જાણકારી..જ્ઞાન દ્વારા હિત-અહિત વગેરેનો વિવેક થવો જોઈએ. જ્ઞાન આવ્યા પછી પણ વિવેક ન જ આવે તો તે બોધનો કોઈ અર્થ રહેતો નથી. કારણ, એવો બોધ તો જીવને નુકશાન કરનારો જ કહી શકાય.

કંજૂસ ધનવાન અને રાગી જ્ઞાનવાન : બંને નિરર્થક કે નુકશાનપ્રદ બને છે, એમ કહેવામાં કાંઈ ખોટું નથી. કંજૂસનું ધન તેને દુર્ગતિમાં ખેંચી જાય છે, તેમ જ્ઞાનીનો રાગ(મોહ)પણ તેને દુર્ગતિમાં ભટકાવનારો બને છે. દુર્ગતિમાં ભટકાવનારું ધન અને અનર્થને સર્જનારું જ્ઞાન જીવ માટે તો અહિતકર જ છે ને ? દુનિયા ભલે તેને ગમે તેટલું માન-પાન આપતી હોય ! કર્મસત્તા તો તેનું નિકંદન જ કાઢે છે. દુનિયા કદાચ અન્યાયને ન્યાયમાં અને ન્યાયને અન્યાયમાં ખપાવે તે સંભવિત છે. પરંતુ ન્યાયનિષ્ઠ કર્મસત્તાને ત્યાં આવી ગરબડ ચાલતી નથી. તેની ન્યાયનિષ્ઠાના કારણે જ આ સત્તા અનાદિકાળથી ટકી શકી છે, એવું નથી લાગતું ? તેને પડકારનાર કોઈ પાક્યો નથી. હા, તેને પછાડનારા પાક્યા છે. તેને પછાડવા માટે ધર્મસત્તાની સહાય સિવાય બીજો કોઈ ઉપાય નથી ! તમામ સત્તાઓની ઉપર માત્ર ધર્મસત્તા જ સર્વોપરિ સિદ્ધ થઈ છે !!

કર્મસત્તાની જેમ ધર્મસત્તા પણ અનાદિકાળથી છે. ધર્મસત્તાએ પણ નિષ્ઠાપૂર્વક જ કાર્ય કર્યું છે. અલબત્ત, કર્મસત્તામાં ક્યારેક દયાળુતાનાં તો ક્યારેક ક્રૂરતાનાં દર્શન થાય છે, જ્યારે ધર્મસત્તામાં તો હંમેશા કરુણા જ નજરમાં આવે છે. તેની દયાની તુલનામાં દુનિયામાં કોઈ આવી શકે એમ નથી. તેની હોડમાં કોઈ ઊતરી શકે એમ નથી.

કર્મસત્તાની ગુલામીમાંથી હંમેશ મુક્ત થવા ધર્મસત્તા જેવી સફળ યુક્તિ કોઈ જ નથી. તે યુક્તિ - પ્રયુક્તિનું માર્ગદર્શન લેવા માટે ધર્મશાસ્ત્રો જ માત્ર માધ્યમ છે. ગમે તેવાં પાપોને ધોવા માટે અને ગમે તેવા પાપીને શુદ્ધ બનાવવા માટે ધર્મ અને જ્ઞાન જ ઉત્તમ ઉપાય છે. તેના કહ્યા પ્રમાણે જીવો ચાલે તો તે ખાતરીપૂર્વક જીવનો ઉદ્ધાર કરે છે. આવા ધર્મ કે સમ્યગ્જ્ઞાનને ચેલેન્જ કરનાર અનંતકાળમાંય કોઈ પાક્યો નથી. ભવિષ્યમાં પાકવાનોય નથી..! ધર્મ સ્વયં પવિત્ર છે. શાસ્ત્રો(જ્ઞાન) દોષ રહિત-ગુણોથી ભરેલાં છે. માટે જ તે અપવિત્રને



પવિત્ર અને દોષ સહિતને નિર્દોષ અને ગુણસંપન્ન બનાવે છે. ધર્મશાસ્ત્રો (શ્રુતજ્ઞાન) ૩૨ દોષ રહિત અને આઠગુણોથી સમૃદ્ધ હોવાં જોઈએ, તો જ આપણે તેનું શરણ(માર્ગદર્શન) લઈ શકીએ. બાકી જગતમાં મિથ્યાશ્રુત અને પાપશ્રુત પણ પુષ્કળ પ્રમાણમાં વિદ્યમાન છે. **(ક્રમશઃ)** ધ

## ★ હે અણાહારી પદ-ભોક્તા ! ★★★

**-પૂ.આ.ભ.શ્રીમદ્‌વિજયભવ્યદર્શનસૂરીશ્વરજીમ.સા.**

હે સિદ્ધભગવંત ! તું તો અણાહારી છે, અણાહારી પદનો ભોક્તા છે. હું આહાર વિના રહી શકતો નથી. એટલું જ નહિ, આહારની ક્રિયામાંય વિવેકહીન બની ગયો છું. રાત-દિવસનો ભેદ રાખ્યો નથી.ભક્ષ્ય - અભક્ષ્યનો પણ વિવેક ગુમાવી દીધો છે. મારી આહાર કરવાની ક્રિયા ધાર્મિક પણ નથી અને પ્રાકૃતિક પણ નથી. દુકાળિયાની જેમ ખાવા-પીવા સમયે શાન-ભાન ગુમાવી બેસું છું ! જાનવર કરતાંય મારી માનસિકતા ખરાબ છે. રસના - ઈન્દ્રિયની ગુલામી મને પરેશાન કરી મૂકે છે. પુણ્યના ઉદયથી મળેલી ઈન્દ્રિયોનો તથા મનનો હું દુરુપયોગ કરીને એને ભવિષ્યમાં દુર્લભ બનાવી રહ્યો છું ! મને તો ક્યારેક એવો ડર લાગે છે કે - હું નિગોદ વગેરે એકેન્દ્રિયમાં તો નહીં ચાલ્યો જાઉં ને ? ખાવા પીવાના પદાર્થો જીભને અનુકૂળ મળી જાય ત્યારે એ ડર પણ ભૂલાઈ જાય છે. જાણે બિલાડીને દૂધ દેખાય છે, ડાંગ દેખાતી નથી ! હે પ્રભો ! મારો આમાંથી નિસ્તાર ક્યારે થશે ?

હે સ્વગુણભોગી ! પુદ્‌ગલના ભોગનો હું ભિખારી છું. રાત-દિવસ હું ભોગની ભીખ માંગતો ફરું છું ! સારા લેબાશ ધારણ કરીનેય, શેઠ-શાહુકારના સ્વાંગમાં ભીખ માંગવા હું ટેવાઈ ગયો છું. શરમ નથી આવતી.વિષયોનો અને ઈન્દ્રિયોનો ગુલામ બન્યો હોવાથી મારી આવી દશા છે. મને મારી હલકટવૃત્તિ તરફ પણ ઘૃણા જાગતી નથી ! તું યોગનો સ્વામી અને હું ભોગનો ગુલામ ! તું અણાહારી અને હું આહારનો કીડો ! અનાદિ કાળથી આ વિષચક્ર ચાલું જ છે. તેના યોગે જ ભવભ્રમણ વધે જ જાય છે. અનાદિ કાલીન મારક અને મલિન વૃત્તિઓ મારી પાછળ પડી છે. મોહરાજાનાં બાહ્ય આકર્ષણો મને ભાન ભુલાવીને ઉન્માર્ગે દોરે છે. દીવાની જ્યોત પાછળ પતંગિયાની જેમ યાતના અને મોતનો વિચાર કર્યા વગર આંધળી દોટ મૂકીને કામ-ભોગો પાછળ પાગલની જેમ રાત - દિવસ પસાર કરું છું !

હે નિર્મોહી ! નોકષાય મોહનીય(હાસ્ય-રતિ-અરતિ-ભય-શોક-જુગુપ્સા-પુરુષવેદ- સ્ત્રીવેદ - નપુંસકવેદ)ના ઈશારે કષાયોના હવાલે થયેલો હું (કષ્ + આય) સંસારને વધારવાનું મૂર્ખાઈભર્યું કામ કરું છું. ! શાંત થયેલી ઈન્દ્રિયોને તથા

આત્માને (મન આમાં આવી ગયું) આ નોકષાયો ઉશ્કેરે છે. તે ઉશ્કેરણી એકાંતે અહિતકર હોવા છતાં તેની કૃત્રિમ મોહક-જાળમાં હું અનંતીવાર ફસાયો અને હજી પણ નવાં નવાં રૂપ-સ્વરૂપમાં તેની બિછાવાયેલી જાળમાં ફસાઈ રહ્યો છું. તે સમયે કૃત્રિમતાને વાસ્તવિકતા માની બેસું છું ! મારી આ અજ્ઞાનતા, મોહમૂઢતા ને આંખ મિચામણાં ક્યારે દૂર થશે ? તારી કૃપાથી જ મારું આ કાર્ય પાર પડશે, એવું ચોક્કસપણે હું માનું છું.

હે મહાનંદપદ-ભોક્તા ! આનંદ બધાને ઈષ્ટ હોવા છતાં સૌને મળતો નથી. સુખની શોધ બધાની હોવા છતાં સુખ પ્રાપ્ત થતું નથી. અનુકૂળતાનો જ રસ હોવા છતાં સહુને અનુકૂળતા મળતી નથી. .આવાં આવાં કૈંક દ્વંદ્વોમાં અમે અટવાયેલા છીએ. આ ભવનાં જ નહીં, અનંત- અનંત કાળથી ચાલી આવતી જન્મ જીવન અને મૃત્યુની ઘટમાળમાં અટવાયેલા છીએ. મારી સહજ આનંદ પ્રાપ્ત કરવાની ઈચ્છા ક્યારે પૂરી થશે ? અભાગિયો હું ક્યારે ભાગ્યશાળી થઈશ ? કમનશીબમાંથી નસીબવાન ક્યારે બનીશ ? મારા પુણ્યનો પનો થોડો ઓછો પડતો હોય તેવું મને લાગે છે. અલબત્ત, જગતના સર્વોત્તમ ગણાતા દેવ-ગુરુ-ધર્મતીર્થને મેળવવાનું સૌભાગ્ય એ મહાન પુણ્યના ઉદયને સૂચિત કરે છે. ઝડપી આત્મવિકાસ અને વધુ ગુણાદિના ઉપાર્જનની ભાવનાનો લોભ મને પુણ્યમાં રહેલી ખામી શોધવાય પ્રેરણા કરે છે. જેટલી ઊણપ છે તે મને આંખના કણાની જેમ ખૂંચ્યા જ કરે છે. જગતના જીવોને ભૌતિક વિકાસની જેટલી તાલાવેલી હોય છે, તેના કરતાં વધારે તાલાવેલી મને અધ્યાત્મજગતની ટોચ પર પહોંચવાની છે.

હે જગદ્વૈદ્ય! મહામહેનતે પણ ન નિવારી શકાય તેવા તમામ, એટલે શારીરિક-માનસિક,આધિભૌતિક, આધિદૈવિક...દુઃખો અને આ બધાનાં કારણરૂપ આત્માના દોષો-દુર્ગુણો અને તેનાંય મૂળભૂત કારણ તરીકે ગણાતા કર્મો સ્વરૂપ ભાવરોગોનો સચોટ-અમોઘ ઉપાય કરવામાં તું કુશળ રાજવૈદ્ય છે. તું સર્વ રોગોનાં નિદાન કરવામાં અને સારવાર કરવામાં પારંગત છે. તારી તોલે આ જગતમાં કોઈ આવી શકે તેમ નથી. વૈદ્યક ગ્રંથોના રચયિતા તરીકે જાણીતા ચરક, વાગ્ભટ્ટ હોય કે શુશ્રૂત હોય..આ બધા જ છદ્મસ્થોની સામે તું ત્રિકાળવિદ્, ત્રિલોકવિદ્ અતીન્દ્રિયજ્ઞાની છે. માટે જ તારાં એક એ શબ્દો અને વાક્યો પર સંપૂર્ણ ભરોસો કરવામાં ક્યાંય - ક્યારેય ખચકાટ અનુભવવો પડતો નથી. અરે ! તું તો એવો વૈદ્ય છે કે, તારાં નામ અને ગોત્ર પણ રસાયણથી અને કાષ્ટ ઔષધિ વગેરે ઉપચારોથી કરોડો ગણા ચઢિયાતાં રામબાણ ઉપાયરૂપે પ્રયોજી શકાય છે. તારું નામ અને ગોત્ર જગતના તમામ રોગોને દૂર કરવા માટે મંત્રરૂપ છે. રસાયણો બનાવવા કે



કાષ્ટ ઔષધિઓ વગેરે કે પંચકર્મની સારવાર કરવામાં ઘણી હિંસાનો આશ્રય લેવો પડે છે. જ્યારે તારા નામના મંત્રની સારવાર (ઉપચાર) તો તદ્દન નિર્દોષ નિરવદ્ય છે. અલબત્ત, તેની કોઈ આડ-અસર પણ થતી નથી. માત્ર બીમારીઓના ઉપચાર તરીકે જ નહીં, આધિ-ઉપાધિ, જલ-સ્થળની વિપત્તિઓ જંગલી આદિ જાનવરોના ભય,બંધન-વધાદિ ઘણી (બધી જ) પીડાઓમાંથી મુક્તિ પ્રાપ્ત કરવામાંય તારા નામરૂપી મંત્ર અચૂક ફળે છે. તારા નામ-ગોત્રરૂપ મંત્ર તો પાઠસિદ્ધ ગણાય છે. તેની લાંબા સમયની સાધના કે જે તપ-કષ્ટ સાધ્ય છે, તેની પણ જરૂર નથી. માત્ર મંત્રનું શ્રદ્ધા સાથે થતું સ્મરણ અસાધ્ય ગણાતા રોગ-પીડા-કષ્ટનું નિવારણ કરવા સમર્થ છે !આવા અનેકાનેક લાભો-પ્રભાવોથી સંપન્ન તું મને મળ્યો એ મારો વિશિષ્ટ પુણ્યોદય સૂચવે છે. મિથ્યાત્વી સિવાય કયો ડાહ્યો માનવ તને મૂકીને બીજે જાય ? મતલબ, માને મૂકીને માસીને ધાવવા કોણ તૈયાર થાય ?

હા,તારા નામમાં માત્ર કષ્ટો દૂર કરવાની જ તાકાત છે, એવું નથી. નવનિધિ,લબ્ધિઓ અને સિદ્ધિઓ આપવાનું સામર્થ્ય પણ તારા નામમંત્રના સ્મરણમાં છે. વિપત્તિઓનો વિનાશ અને સંપત્તિનો લાભ બંને કાર્યો તારા નામરટણથી સિદ્ધ થાય છે. તારું નામસ્મરણ એક ગજબનાક, જગતનું સર્વોત્તમ પાવરહાઉસ છે. આ પાવરહાઉસ કદી ખોટવાતું નથી કે કદી એનો પાવર ખૂટતો નથી ! યાંત્રિક ખામી કે સપ્લાયની ખામી સર્જાતી નથી ! કારણ આ પાવરહાઉસ કોલસા પાણી વગેરે સાધનોથી ચાલતું નથી. આ પાવરહાઉસને ચલાવવા માટે કોઈ માનવોની જરૂર નથી દેવ-દાનવની જરૂર નથી. સહજભાવે ચાલનારું આ પાવરહાઉસ છે. મેનપાવર કે મની પાવરની પણ અહીં આવશ્યકતા નથી. આ પાવરહાઉસ તો અસમાધિમાંથી બચાવવાનું અને સમાધિ પ્રદાન કરવાનું પણ કાર્ય વિના આયાસ કરે છે. આવી સ્થિતિનું સર્જન થતાં જ જીવ અશુભ કર્મોનાં બંધનોથી અચૂક બચી જાય છે.શુભ(પુણ્ય)કર્મોનું ઉપાર્જન પણ આ નામ-મંત્રથી થાય છે. જગતના નાના-મોટા કોઈપણ ભયો તેને સતાવી શકતા નથી. આપદાને અવસરમાં તબદીલ કરવાની સહજ ક્ષમતા પણ આ મંત્ર-સ્મરણમાં રહેલી છે. દુશ્મનને શત્રુ મિટાવી મિત્ર બનાવી દેવાની તાકાત-શક્તિ પણ આ મંત્ર જાપમાં છે. અગાધ, વિશાળ સંસાર સમુદ્રથી જીવને પાર ઉતારવામાંય આ મંત્ર અમોઘ પુરવાર થયેલો છે ત્યારે જ તો કહેવાયું ને કે -'ઈક્કોવિ નમુક્કારો, જિણવર-વસહસ્સ વદ્ધમાણસ્સ, સંસાર-સાગરાઓ તારેઈ નરં વ નારિં વા.' મતલબ વર્ધમાનસ્વામીને કરેલો (સામર્થ્ય યોગનો)એક નમસ્કાર પણ જીવને (સ્ત્રી હોય કે પુરુષ)સંસાર સાગરથી પાર ઉતારી દે છે.(સ્મરણ વગર નમસ્કાર ક્યાંથી થાય ?)

જીવને અનાદિકાળથી કર્મસત્તાએ વિભાવદશામાં રાખ્યો છે. જગતની ગણાતી આ મહાસત્તાને પણ 'માત' આપવાની ક્ષમતા માત્ર નામસ્મરણમાં હોય તો આવા નામ સ્મરણ કે મંત્રસ્મરણમાં કયો જીવ પ્રમાદ કરે ?પ્રભો ! આપના અપાર અનંત સમાર્થ્યથી અપરિચિત આત્મા જ આવા પ્રમાદના પનારે પડી તારા નામ-રટણથી દૂર રહે. આવા નામસ્મરણમાં મોટા તપ ત્યાગ કે સખ્ત પરિશ્રમની જરૂર નથી. પરંતુ હે સુગૃહીતનામધેય! સદૈવ સ્મરણીય! જગતની આળપંપાળ, જવાબદારી, અનાદિકાળની પાછળ પડેલી સંજ્ઞાઓ, સંસાર ને કર્મની સાથે વળગેલી વાસનાઓ, નાશવંત વિષયોનો રાગ,જીવને કાળો-કદરૂપો બનાવનાર કષાયો, તારાથી અને તારા નામસ્મરણથી પણ યોજનો દૂર રાખનાર મિથ્યાત્વ, વિવિધ પ્રકારની નિત નવી ચાલબાજી રમવાદ્વારા મને હંમેશા પકડી-જકડી રાખનારા મોહરાજાની સેનાના સેવકો, સત્યને ન સમજવા દેનાર અજ્ઞાનતા, સત્યની શ્રદ્ધાથી અળગો રાખનાર મોહમૂઢતા વગેરે દોષોએ મારા જીવનમાં ઘોર ખોદવાનું કાર્ય કર્યું છે. આ બધા જ મારા દુશ્મનોને દૂર કરવાની ભાવનાને સાકાર કરવા તારી જ કૃપાની જરૂર છે. તારી કરુણાએ તો તારા જ દુશ્મન ગણાતા જીવોનેય ઉગારી લીધા..હું તેવો દુશ્મન તો નથી જ. હે યોગીશ્વર! તારા યોગનો, તારી કરુણાનો જાદુ મારા પર પણ પાથર. મને અટલ શ્રદ્ધા છે કે-મારો બેડો પાર થઈ જશે. સંસારનાં મારાં તમામ બંધનો તૂટી જશે. મોક્ષનું અનુસંધાન ચોક્કસ જોડાઈ જશે. અનાદિકાળના દોષો-દુર્ગુણોનો ઉચ્છેદ થવા સાથે સાદિ અનંત ભાંગે હું સદ્‌ગુણોનો સ્વયં ભોક્તા બનીશ જ.

ધ.

## ★ અનુમોદનામૃતમ્ ★★★

**- સંકલન**

બોરસદ : પૂ.આ.ભ. શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા આદિ ઠા.૨ તથા પ્રવર્તિની પૂ.સા.ભદ્રિકાશ્રીજી મ. આદિ ઠા.૪ અહીં બિરાજમાન છે. પૂ. આચાર્ય ભગવંતનાં પ્રવચનો ચાલુ હતાં.

બીજી તરફ પૂજ્યોના ચાતુર્માસ પ્રવેશની તડામાર તૈયારીઓ ચાલું હતી. અષાઢ સુ.૧૦ તા.૨૮-૬-૨૦૨૩ બુધવારનો દિવસ પ્રવેશ માટે મુકરર થયો. ગામે ગામ જાણ થઈ. કર્ણાટક-મહારાષ્ટ્ર-ગુજરાત-વગેરે પ્રાંતોમાંથી પ્રવેશ પર આવવા માટે ઘણા ભાગ્યશાળીઓ તૈયાર થયા.

અષાઢ સુ.૭ તા.૨૫-૬-૨૦૨૩ રવિવારે પૂ.આ.ભ. આદિ શ્રમણ-શ્રમણી



ભગવંતો બોરસદ-આણંદ રોડ પર આવેલ 'બેવર્લી હિલ્સ' સોસાયટીમાં પધાર્યા. પૂ.આ.ભ. શ્રીની સ્થિરતા પરેશભાઈ કુમારપાળભાઈ બાગરેચાના ગૃહે અને પૂ.સાધ્વીજી ભગવંતોની સ્થિરતા અશોકભાઈ નટવરલાલ વાસણવાળાને ત્યાં રહી. ત્રણ દિવસ પૂજ્યો ત્યાં જ રોકાયા.

અષાઢ સુ.૧૦ તા.૨૮-૬-૨૦૨૩ બુધવારે સવારે ૬-૦૦ કલાકે ત્યાંથી નીકલી પૂજ્યો શુભ સમયે બોરસદની હદમાં મંગલ પૂર્વક પ્રવેશ કરી ગંજબજારની સોસાયટીમાં પધાર્યા. રવિકાંત બાપુલાલ શાહને ત્યાં થોડીવાર સ્થિરતા કરી.

બરાબર ૮-૧૫ કલાકે ત્યાંથી સામૈયાનો શુભ પ્રારંભ થયો. બેન્ડ-વાજાં સાથે બગીમાં પૂ. સૂરિચક્રચક્રવર્તી, વ્યા.વા.આ.ભ. શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાની તથા ચરોતર પ્રદેશના આદ્ય અને અનન્ય ઉપકારી પૂ.ગુરુદેવ ધર્મતીર્થપ્રભાવક આ.ભ. શ્રીમદ્ વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજાની છબી લઈને શ્રીમતી ચન્દ્રાબેન રસિકલાલ ચોકસી પરિવાર બેઠો હતો.

વચમાં અશોકભાઈ નટવરલાલ વાસણવાળાની દુકાને ચતુર્વિધ સંઘ પધાર્યો. ત્યાં માંગલિક શ્રવણ, ચાંદીની ગીનીથી ગુરુપૂજન વગેરે થયું. પ્રભાવના થઈ. ત્યાંથી ફુવારા થઈ બ્રાહ્મણવાડામાં શ્રીશામળાપાર્શ્વનાથ જિનાલયે દર્શન કરી સામૈયું કાશીપુરામાં પધાર્યું. વરસાદ વગેરેનાં કોઈ જ વિઘ્ન વગર શ્રી આદિનાથ જિનાલયે પધાર્યા. ચૈત્યવંદનાદિ કરી, શાંતિનાથ જિનાલયે પધાર્યા. ત્યાં સ્તુતિ વગેરે કરી મંગલ કળશવાળી લગભગ ૪૦-૫૦ બહેનોનાં શુકન, ઠેર ઠેર ગહુંલીનાં શુકન લઈ ઉપાશ્રયમાં પ્રવેશ થયો. કુંભ-કળશવાળી બહેનોનું વિશેષ બહુમાન થયું. ગુરુવંદન - મંગલાચરણ થયા બાદ વડોદરાથી આવેલ સંગીતકાર નિસર્ગ શાહ-ના સ્વર સંગીત સાથે પ્રવેશગીત ગવાયું.

કેટલીક જાહેરાતો થયા બાદ ચાતુર્માસ માટેના વિવિધ લાભોની યોજના જાહેર થઈ. લગભગ તમામ યોજના ફટાફટ ભરાઈ ગઈ. તેમાં ચાતુર્માસના પાંચ મહિનાની સાધર્મિકભક્તિ (મહેમાન આદિની) આયંબિલની માસિક યોજના, ચોમાસામાં સાંજના પ્રતિક્રમણની પ્રભાવના, વ્યાખ્યાનની પ્રભાવના, સાંકળી આયંબિલનાં નામો, તેની પ્રભાવના વગેરેનો સમાવેશ થાય છે. ત્યારબાદ ગુરુપૂજનનો ચઢાવો બોલાયો. તેનો લાભ અ.સૌ. અંજનાબેન ચંપકભાઈ-અમદાવાદ-નવરંગપુરાવાળાએ મોટી બોલી બોલવા પૂર્વક લીધો હતો.

આ પ્રસંગે બેંગ્લોર - મસૂર (મહારાષ્ટ્ર)-મુંબઈ-ધુળિયા-અમદાવાદ-ઈડર-નાપાડ-આણંદ-નડિયાદ-રામોલ-આંકલાવ-આસોદર-જિટોડિયા-મહેમદાવાદ-

દંતાલી-કાવિઠા-વહેરા-વિદ્યાનગર-સુરત-ઇચલકરંજી વગેરે અનેક ગામનગરોથી ભાવિકો મોટી સંખ્યામાં પધાર્યા હતા. મહેમાનો માટે ત્રણે ટાઇમની સાધર્મિક ભક્તિની વ્યવસ્થા રાખવામાં આવી છે.

ગામ-બહારગામથી પધારેલ ભાવિકોએ પ્રભાવના લખાવી. રૂ.૨૦૦ ની પ્રભાવના સૌને અપાઈ. ચન્દ્રાબેન રસિકલાલ ચોકસી તરફથી લાડુની પ્રભાવના થઈ.

અષાઢ વ.૨ તા.૫-૭-૨૦૨૩ બુધવારે વંચાનાર 'શ્રાદ્ધવિધિ' ગ્રંથ વહોરાવવા, જ્ઞાનપૂજન વગેરેની તથા તે દિવસે થનાર ગુરુપૂજનાદિની બોલી આજે બોલાવાઈ તેના લાભાર્તી નીચે પ્રમાણેછે.

- દીપ પ્રગટાવવાના : જૈન હર્ષાબેન વિશાલભાઈ - ઇચલકરંજી
- ગ્રંથવહોરાવવાના લાભાર્થી : જૈન વિક્રમભાઈ અમીચંદજી - ઇચલકરંજી
- પ્રથમ જ્ઞાનપૂજા : શા.વૈભવી હાર્દિકકુમાર હ.શૈલેષભાઈ વટાદરાવાળા
- દ્વિતીય જ્ઞાનપૂજા - ચિ. પાર્વિક શ્રીપાળભાઈ ભરતભાઈ - બોરસદ
- તૃતીય જ્ઞાનપૂજા - શા. હેતકુમાર હરનીસભાઈ - કેનેડા
- ચતુર્થ જ્ઞાનપૂજા - શા. સેજલબેન ઉમેશભાઈ - મસૂર
- પંચમ જ્ઞાનપૂજા - શા.ચંદાબેન કનૈયાલાલજી બાફના - ધુલિયા
- અષ્ટપ્રકારી પૂજા : શા. ભાનુબેન ઠાકોરલાલ ચંદુલાલ - બોરસદ
- ગુરુપૂજન : સંઘવી અ.સૌ. વિમળાબેન કુમારપાળભાઈ બાગરેચા - બોરસદ
- ગ્રંથને વધાવવાના : જૈન વિશાલ વિક્રમભાઈ - ઇચલકરંજી
- સાધ્વીજી મ.ને ગ્રંથવહોરાવવા : જૈન પૂજાબેન વિક્રમભાઈ - ઇચલકરંજી

**- સાધર્મિક ભક્તિ માટે તથા ઉકાળેલા પાણીનો લાભ લેનારઃ** અષાઢ મહિનો : સ્વ. રમણલાલ અમૃતલાલ શાહ યુ.એસ.એ. હ.સુજ્ઞાબેન અતુલભાઈ

- અધિક શ્રાવણ માસ : સ્વ. રમણલાલ અમૃતલાલ શાહ યુ.એસ.એ., હ.સુજ્ઞાબેન
- દ્વિતીય શ્રાવણ માસ : સંઘવી ચન્દ્રાબેન રસિકલાલ ચોકસી - બોરસદ
- ભાદરવો માસ : સ્વ.રમણલાલ અમૃતલાલ શાહ - યુ.એસ.એ., હ.સુજ્ઞાબેન
- આસો માસ : ભાવસાર શ્રૃષાંક કૌશિકકુમાર - બોરસદ

પ્રવેશનાં આયંબિલ કરાવવાનો લાભ લેનાર : સ્વ.ભાનુબેન ઠાકોરલાલ ચંદુલાલ - બોરસદ, સ્વ. હસમુતિબેન રજનીકાંતભાઈ - બોરસદ

**ચાતુર્માસના પાંચે મહિનાના આયંબિલના લાભાર્થી** શ્રીમતી ભાનુબેન



ઠાકોરલાલ ચંદુલાલ શાહ પરિવાર - બોરસદ છે.

વ્યાખ્યાનમાં પ્રભાવના, રોજના આયંબિલની પ્રભાવના પ્રતિક્રમણની પ્રભાવના પાંચે મહિના; દર મહિનાની તારીખ પ્રમાણે ભાગ્યશાળીઓએ નોંધાવી છે. સર્વ મંગલબાદ જૈનવાડીમાં સંઘ સાધર્મિક વાત્સલ્ય થયું.

પ્રવેશના માંગલિક આયંબિલ કરનારને લાભાર્થી પરિવાર તરફથી રૂ.૫૦ તથા સંઘવી સૌ.વિમળાબેન કુમારપાળભાઈ બાગરેચા તરફથી રૂ.૫૦ વગેરે મળી રૂ.૨૭૦ ની પ્રભાવના થયેલ !

આંકળી આયંબિલ કરનારને રૂ.૧૬૫ જેવી પ્રભાવના અપાશે.

પર્યુષણ સુધી પ્રત્યેક રવિવારે બપોરે બાળસંસ્કરણ-વાચના શ્રેણીનું આયોજન કરેલ છે. વાચનાબાદ અલ્પાહારની વ્યવસ્થા રાખેલ છે.

ચોમાસામાં દર રવિવારે ૧૫ વર્ષ સુધીનાં બાળક-બાળિકાઓને પૂજા ગુરુવંદન કરનારને ભિન્ન-ભિન્ન ભાગ્યશાળીઓ તરફથી પ્રભાવના અપાશે.

અષાઢ વ.૭ તા.૯-૭-૨૦૨૩ રવિવાર સવારે પૂજા-ગુરુવંદન કરનારને સ્વ.માતુશ્રી ભાનુબેન ઠાકોરલાલ ચંદુલાલ શાહ તરફથી ૫૦-૫૦ રૂ.ની પ્રભાવના આપવામાં આવી હતી.

તે જ રીતે બપોરની બાળકોની વાંચનાશ્રેણી બાદ આજ પરિવાર તરફથી અલ્પાહારની ભક્તિ કરવામાં આવી હતી. તથા સંઘવી સૌ. વિમળાબેન કુમારપાળભાઈ બાગરેચા તરફથી રૂ.૫૦ની પ્રભાવના આપવામાં આવી હતી.

- અષાઢ વ.૨ તા.૫-૯-૨૩ બુધવારે દીપપ્રગટાવવા તથા જ્ઞાનપદપૂજા ભણાવવા વગેરે વિધિ પૂર્વક ગ્રંથવાંચનનો મંગલ પ્રારંભ થયો. શ્રાદ્ધવિધિ ગ્રંથ તથા બહેનોમાં વંચાનાર સમરાદિત્ય ચરિત્ર:બંને ગ્રંથોનો પ્રારંભ પૂજ્ય આચાર્યભગવંતશ્રીએ જ વ્યાખ્યાનમાં કર્યો. રોજ સવારે ૭-૦૦ કલાકે પ્રવચનો થાય છે. બહેનોનાં પૂ.સા.શ્રી પદ્મનંદિતાશ્રીજી મ.૧૦-૧૫ કલાકે વ્યાખ્યાન આપે છે.

તપાગચ્છાધિરાજ, વ્યા.વા.પૂ.આ.ભ. શ્રીમદ્ વિજયરામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાની ૩૨ મી વાર્ષિક સ્વર્ગારોહણ તિથિ પ્રસંગે ત્રિદિવસીય મહોત્સવ તથા સમૂહ આયંબિલનું આયોજન થયેલ છે.

- અક્ષયતૃતીયના દિવસે પૂ.આ.ભ. શ્રીમદ્‌વિજય ભવ્યદર્શન સૂરીશ્વરજી મહારાજાના સંયમ જીવનના ૪૫ મા વર્ષમાં મંગલપ્રવેશ નિમિત્તે શ્રીવીશાઓસવાલા જૈન સંઘમાં સર્વ સાધારણમાં ૧૦,૦૦૦ રૂ. અ.સૌ.વેણુબેન સંજયભાઈ કોઠારી બેંગલોરવાળાએ તથા ૧૦,૦૦૦ રૂ. ગુરુભક્તોએ લખાવી લાભ લીધો હતો.